ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૦ ટકા ● સાંજે ૧૪ ટકા

**ગાંધીનગર તાપમાન**

# બેવડી ઋતુના મારથી નગરજનો ત્રસ્ત...!!

## દિવસે ગરમી અને રાત્રે ઠંડી વચ્ચે બેલેન્સ કરવામાં અનેકની તબિયત લથડી



ગાંધીનગર, તા.૮

શહેરમાં ફરી એકવાર બેવડી ઋતુનો માહોલ સર્જાયો છે. ડબલ ઋતુના કારણે દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જે કારણે નગરજનો વાઈરલ બિમારીનો ભોગ બની રહ્યા છે. વળી, રાત્રિના સમયે ઠંડક વધતા મચ્છરોનો ઉપદ્રવ પણ યથાવત રહેવા પામ્યો છે.

ગત માર્ચ માસના છેલ્લા સપ્તાહમાં એકાએક તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો જેના કારણે નાગરિકોને ઉનાળો વહેલો આવી ગયો હોવાનો અહેસાસ થવા પામ્યો હતો. જો કે છેલ્લા કેટલાક દિવસથી આ પારો નીચે તરફ ગગડયો છે. આમ છતાં હજુ પણ દિવસના સમયે તાપમાન ૩૫થી ૩૮ ડિગ્રીની વચ્ચે રહેતું હોવાથી ખાસ કરીને બપોરના સમયે ગરમીનો અહેસાસ વધુ થઈ રહ્યો છે. બપોરે તડકામાં નગરજનો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે જયારે રાત્રિના સમયે વાતાવરણમાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાત્રે પ્રસરતી ઠંડકને કારણે નગરજનોને ડબલ ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવાર સુધી વાતાવરણમાં ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.

રાત્રિના સમયે લઘુત્તમ તાપમાન ૨૦ થી ૨૩ ડિગ્રી સુધી રહેવા પામી રહ્યું છે. ગરમી અને ઠંડી એમ બેવડી ઋતુમાં શરીરને 'બેલેન્સ' જાળવવું અઘરું પડતું હોવાથી વ્યકિત ઋતુ જન્ય બિમારીનો ભોગ બને છે. હાલ શહેરમાં આ પ્રકારની પરિસ્થિતિના કારણે નાગરિકો શરદી, તાવ, માથુ દુઃખવું, ઝાડા ઉલ્ટી વગેરે બિમારીનો ભોગ બની રહ્યા છે. વળી રાત્રે ઠંડક જળવાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ નિયંત્રણમાં આવી શકયો નથી જેના કારણે નાગરિકોને તકલીફ પડી રહી છે. જો રાત્રે પંખો ચાલુ રાખે તો ઠંડી લાગે છે અને પંખો બંધ કરે તો મચ્છર કરડે છે. આ પરિસ્થિતિમાં નાગરિકોને ફરીથી ગોદડી રજાઈઓ ઓઢીને સુવું પડી રહ્યું છે. અને મચ્છરના કારણે વાઈરલ બિમારીઓ પણ નગરિકોને તેની ઝપટમાં લઈ રહી છે.

## સોમવારથી ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ-ધ્યાન શિબિર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના દિવ્ય જીવન સંઘ દ્વારા શ્રી ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે તા. ૧૦મી એપ્રિલથી તા. ૨૦મી એપ્રિલ દરમિયાન દરરોજ સવારે ૭ થી ૮.૧૫ કલાક દરમિયાન યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ-ધ્યાન શિબિર સે-૧ માં શ્રી ગાયત્રી શકિતપીઠ ખાતે યોજાશે. જેમાં યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બિમારીઓમાં ઉપચાર માટે તથા બિમારીઓને રોકવા માટેના આસનો, પ્રાણાયામ, શારીરિક-માનસિક આરોગ્ય વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

## શહેરના નવા સેકટરમાં એલઈડી લાઈટના ધાંધિયાથી નાગરીકો હેરાન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરીક માર્ગ પર આવેલા વિજપોલ પર એલઈડી લાઈટો ફીટ કરવામાં આવી છે. એલઈડી લાઈટના ઓજસ શહેરમાં પથરાય તેની નાગરીકો કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. શહેરના નવા સેકટરોના આંતરીક માર્ગ તેમજ શેરીઓમાં એલઈડી લાઈટના ઓજસ પથરાય તેની રાહ જોઈને નાગરીકો બેઠા છે.

ગાંધીનગર શહેરના માર્ગોતેમજ સેકટરના આંતરીક માર્ગો રોશનીથી ઝળહળતા રહે તે માટે સરકારી તંત્ર દ્વારા હજ્જારો વિજપોલ નાંખવામાં આવ્યા છે. પરંતુ સમય જતા જુની લાઈટ વધુ વોટની હોવાથી તંત્ર એ ઓછા ખર્ચે વધુ અજવાળુ આપે તેવી એલઈડી લાઈટો ફીટ કરાઈ છે. પરંતુ તાજેતરમાં માર્ગો પર એલઈડી લાઈટના ઓજસ માર્ગો પર ઉતર્યા હતા. શહેર અને સેકટરો રોશની થી ઝગમગતા હતા. પરંતુ નવા સેકટરોના આંતરીક માર્ગ અને શેરીઓમાં લાઈટના ધાંધિયા છેલ્લા ઘણા સમયથી શરુ થઈ ગયા છે. જયારે કેટલાક સ્થાનો પર આખી રાત લાઈટો બંધ ચાલુ થતા નાગરીકો હેરાન થઈ જાય છે. ત્યારે નાગરીકો દ્વારા બંધ એલઈડી લાઈટો શરુ કરવા માટે કસ્ટરમર કેરમાં ફોન કરવામાં આવે તો થઈ જશે તેવો જવાબ સાંભળવા મળે છે. પરંતુ લાઈટો કાર્યરત ન થતા સેકટરોમાં રહેતા વસાહતીઓને અંધારાનો સામનો કરવો પડે છે. જયારે અંધકારને પગલે ઉનાળામાં નાગરીકોને ચોરીનો ભય પણ સતાવી રહ્યો છે. જયારે અસામાજીક તત્વોને રાત્રીના સમયે લાઈટો ડુલ હોવાથી મોકળુ મેદાન મળી જતુ હોય છે. ત્યારે એલઈડી લાઈટના બંધ વીજપોલ ઝડપી કાર્યરત થાય તેવી માંગ નાગરીકો કરી રહ્યા છે. જયારે સેકટરોના આંતરીક માર્ગો લાઈટથી ઝળહળતા થાય તેની નાગરીકો રાહ જોઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ન્યું ગાંધીનગરના સરગાસણ, કુડાસણ, રાયસણ અને રાંદેસણ સ્થિત નવા માર્ગો પર વિજપોલ ફીટ કરી રોશનીથી જગમગતા કરવામાં આવે તેવું ન્યું ગાંધીનગરના રહીશો ઈચ્છી રહ્યા છે.

## તડકામાં પગરક્ષણ આપતી 'ચરણસેવા' માટે સહયોગ આપવા અપીલ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં છેલ્લા ૨૫ વર્ષથી અવિરતપણે શહેર વસાહત મહામંડળ દ્વારા 'ચરણસેવા' અભિયાન અંતર્ગત જરૂરિયાતમંદ તથા શ્રમજીવી વર્ગના ઉઘાડપગા નાગરિકોને પગરખાં પહેરાવવાનું સેવાકાર્ય ચલાવાય છે. આ સેવાકાર્ય અંતર્ગત અત્યાર સુધીમાં ૨,૬૫,૦૦૦ જરૂરિયાતમંદને તથા ગરીબ વિદ્યાર્થીઓને ચરણ સેવાનો લાભ આપી મહામંડળે ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવી શહેરને ગૌરવ પ્રદાન કર્યું છે. આ વર્ષે પણ શહેર વસાહત મહામંડળ દ્વારા ચરણસેવા અંતર્ગત આશરે ૧૫ થી ૨૦ હજાર જરૂરિયાતમંદોને પગરખા પુરા પાડવાનું સેવાકાર્ય હાથ ધરવામાં આવનાર છે. જે અંગે શહેરના દાતાઓને આર્થિક યોગદાન પુરું પાડવા હાકલ કરવામાં આવી છે.

ઉનાળાની કાળઝાળ ગરમી અને ધોમધખતા તડકામાં ત્રાહિમામ પોકારી જતા શ્રમજીવી વર્ગના જરૂરિયાતમંદોના ખુલ્લા પગને રક્ષણ આપવા ચરણસેવા યોજાનાર છે. આ પુણ્યશાળી કાર્યમાં શહેર વસાહત મહામંડળ ઉપરાંત અરૂણોદય સેવા ટ્રસ્ટ અને સદવિચાર પરિવાર દ્વારા દાતાઓને આર્થિક સહયોગ પુરો પાડવા હાકલ કરાઈ છે. એક વ્યકિતને પગરખાં પહેરાવવાનો ખર્ચ અંદાજે રૂ. ૫૦ થાય છે. આ ચરણ સેવાનો લાભ શહેરના જરૂરિયાતમંદ વર્ગના પરિવાર ઉપરાંત વિદ્યાર્થીઓને પણ અપાય છે. આ સેવા કાર્યમાં આશરે ૧૫ થી ૨૦ હજાર જરૂરિયાતમંદને પગરખાં પૂરા પાડવાનો લક્ષ્યાંક રખાયો છે. આ માટે સંસ્થાના દાતાઓને બને તેટલા ઝડપી અને વહેલો આર્થિક સહયોગ પુરો પાડવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેરમાં વસતા વિવિધ પક્ષીઓની ઉનાળામાં તરસ છીપાય તે માટે પક્ષી પરબનું પણ વિતરણ કરવામાં આવનાર છે. અત્યાર સુધીમાં ૧૧ હજાર પક્ષી પરબોનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સેવા માટે પક્ષી પરબ દીઠ રૂ. ૨૦નો ખર્ચ થાય છે જે અનુસાર દાન માટે હાકલ કરાઈ છે. ચરણસેવા તથા પક્ષી પરબ માટે દાન આપવા નિયુકત પ્રતિનિધિઓનો સંપર્ક સાધવા જણાવાયું છે.

**શહેર વસાહત મહામંડળ, અરૂણોદય સેવા ટ્રસ્ટ તથા સદવિચાર પરિવાર થકી છેલ્લા ૨૫ વર્ષમાં ૨.૬૫ લાખ જરૂરિયાતમંદોને ચરણસેવા પુરી પડાઈ છે**

### 'ચરણસેવા' માટે આર્થિક યોગદાન આપવા સંપર્ક કરો

● અરૂણભાઈ બુચ - પ્રમુખ શહેર વસાહત મહામંડળ - ૨૩૨૬૦૩૭૦, ૯૮૨૫૦૧૮૧૩૪ ● કિશોરભાઈ દવે - ૨૩૨૨૪૩૩૯ ● બી.પી. પરમાર - ૨૩૨૨૩૩૬૪ ● કશ્યપભાઈ મહેતા - ૨૩૨૩૬૩૩૦ ● શશીકાંતભાઈ મોઢા - ૯૪૨૬૮૭૧૮૯૨ ● આર.એચ. ધામેચા - ૯૭૧૪૮૪૦૪૭૩ ● નિલેન્દુભાઈ વોરા - ૨૩૨૩૩૪૪૫ ● જયેશ ધ્રુવ - ૯૮૨૫૩૯૮૩૩૮ ● અમરીશભાઈ ઓઝા - ૨૩૨૨૭૯૩૮ ● ચંદ્રકાન્ત જોષી - ૨૩૨૨૮૪૬૪ ● મયુરભાઈ વ્યાસ - ૨૩૨૨૫૩૯૦ ● બી.એ. શુકલ - ૨૩૨૨૬૨૭૫ ● રેવાભાઈ પરમાર - ૨૩૨૩૭૯૩૫ ● ચંદુજી ઠાકોર (ફતેપુરા) - ૯૯૭૯૫૦૭૫૭૬ ● જી.એન. ખારોડ - ૨૩૨૬૦૦૬૪ ● સી.પી. સોની - ૨૩૨૨૧૮૩૫ ● ઉદયભાઈ ત્રિવેદી - ૯૯૨૪૫૧૫૬૪૯ ● સી.ડી. ધનેશ્વર - ૯૪૨૯૦૬૩૯૧૨ ● સી.જી. કાસવા - ૯૭૧૪૭૨૬૮૪૬ ● શ્રીમતી લતાબેન ચોકસી - ૨૩૨૨૦૧૬૦ ● સુધીરભાઈ દેસાઈ - ૨૩૨૨૫૨૯૭ ● કરશનભાઈ પરમાર - ૯૯૦૯૪૬૦૫૨૩ ● જનકભાઈ રાવળ - ૯૪૨૭૩૩૬૩૭૪ ● દિનેશસિંહ ચાવડા - ૯૮૨૪૦ ૬૫૦૫૬ ● સીતારામ પટેલ - ૯૩૭૪૬૦૬૩૭૬ ● નિસર્ગ બુચ - ૨૩૨૧૨૪૮૩ ● ભાલચંદ્ર શુકલ - ૨૩૨૬૦૫૪૩ ● કિશોર જીકાદરા - ૯૮૭૯૪૭૫૧૩૦ ● ભરતભાઈ દિક્ષીત - ૯૪૨૭૩૩૫૩૪૪ ● પ્રદિપ સોલંકી - ૯૮૨૪૨૫૬૪૧૦

## રેડક્રોસની ડીઝાસ્ટર રિસ્પોન્સ ટીમની તાલીમનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ગુજરાત રાજય શાખાના સહયોગથી ડીઝાસ્ટર રિસ્પોન્સ ટીમ મર્યાદિત સભ્યો માટે તૈયાર કરવામાં આવી રહી છે. આ સેવા સાથે સંકળાયેલ ૨૦ વર્ષથી ઉપર અને ૪૫ વર્ષ સુધીની વય ધરાવતા યુવક યુવતિઓને આગામી તા. ૧૩મી એપ્રિલ સુધીમાં સંસ્થાના સેક્રેટરી હિતેષ બી. રાવલ-એડવોકેટનો સાંજના ૫ થી ૭ વાગ્યા દરમિયાન મોબાઈલ નંબર ૯૮૨૪૩ ૩૮૦૦૮ પર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે. ડીઝાસ્ટર રિસ્પોન્સ ટીમની ભાગ-૧ની તાલીમ તા. ૧૪મી મેના રોજ સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા દરમિયાન સે-૭માં જયોતિબા મહિલા સંકુલ-ચૌધરી કોલેજ ખાતે યોજાશે. આ તાલીમ દરમિયાન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા તાલીમાર્થીઓ માટે નાસ્તા-જમવાની વ્યવસ્થા પુરી પડાશે.

## સે-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૮

આજ રોજ સે-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી પ્રસંગે વિવિધ કાર્યક્રમો જેવા કે એકપાત્રીય અભિનય, બાળગીત, ડાન્સ તેમજ પીરામીડ શૉ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્યા રાબીયાબેન દ્વારા શાળામાં શિક્ષણની સાથે વિવિધ અભ્યાસિક પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી હતી.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ તેમજ એસએમસીના સભ્યો હાજર રહ્યા હતા તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવામાં આચાર્ય અને સ્ટાફ ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

### પોલીસ સ્ટેશન કરતાં પોલીસ સ્ટાફને સ્માર્ટ બનાવવાની જરૂર

## જિલ્લામાં બીજું સ્માર્ટ પોલીસ સ્ટેશન બનશે

ગાંધીનગર, તા.૮

રાજયના તમામ જિલ્લાઓમાં એક પોલીસ સ્ટેશન સ્માર્ટ મોડેલ પોલીસ સ્ટેશન બનાવવા નિર્ણય લેવાયા બાદ દરેક જિલ્લામાં એક પોલીસ સ્ટેશન સ્માર્ટ બનાવવા કાર્યવાહી શરુ થઈ ગઈ હતી. દરમિયાન હવે જિલ્લામાં બે પોલીસ સ્ટેશન સ્માર્ટ બનાવવા ઉપરથી નિર્ણય લેવાતા હવે ગાંધીનગર જિલ્લામાં બીજુ અડાલજ પોલીસ સ્ટેશન સ્માર્ટ બનાવવામાં આવશે. જોકે સેકટર-૨૧ પોલીસ સ્ટેશન કેટલું સ્માર્ટ બની ગયું તે તો સ્થળ પર જઈને જ ખબર પડે..!

સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લામાં એક પોલીસ સ્ટેશન સ્માર્ટ મોડલરૂપ બનાવવા નિર્ણય લેવાયો હતો. સ્માર્ટ પોલીસ સ્ટેશનમાં ક્રાઈમ ચાર્ટ ડીઝીટલ, લેડીઝ-જેન્સ માટે ડ્રેસ ચેન્જીંગ રૂમ અલગ અલગ, ઈન્ટરકોમ સુવિધા, બાયોમેટ્રીક ફીંગર પ્રિન્ટ એન્ટ્રી, સોલાર લાઈટ, મુલાકાતીઓ માટે અલાયદી બેઠક વ્યવસ્થા, ઠંડુ પાણી અને અદ્યતન ફર્નિચર સહિતની સુવિધા રાખવામાં આવશે. આ માટે રૂ. ૧૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. સે-૨૧ પોલીસ સ્ટેશન બાદ હવે કલોલ ડીવીઝનના અડાલજ પોલીસ સ્ટેશનને સ્માર્ટ બનાવવા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જો કે હજુ ઈન્ટરનેટના ઠેકાણા પડતા નથી અને પોલીસ સમક્ષ અંગ્રેજીમાં કોઈ અરજી ભુલથી આવી ગઈ હોય તો અરજદારને ગુજરાતી કે હિન્દીમાં ટ્રાન્સલેટ કરીને આવવાનું કહી દેવાય છે તો પોલીસ સ્ટેશન સ્માર્ટ કરતા પહેલા પોલીસ સ્ટાફ સ્માર્ટ પહેલો થાય તે જરૂરી હોવાનું લાગી રહ્યું છે.

**સેકટર-૨૧ પોલીસ સ્ટેશન બાદ હવે અડાલજ પોલીસ સ્ટેશનને સુવિધાસભર બનાવી સ્માર્ટ બનાવાશે**

## જુનિયર સિટિઝન કાઉન્સિલ સંચાલિત મુકિતધામ ખાતે પક્ષીઘર વિતરણ શુભારંભ

ગાંધીનગર, તા.૮

જુનિયર સિટિઝન કાઉન્સિલ સંચાલિત મુકિતધામ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૦૦૦ નંગ પક્ષીઘર બનાવેલ છે. માનવદેહને અગ્નિ સંસ્કાર કરવા આવનાર દરેક વ્યકિતને પક્ષીઘર આપી પોતાના ઘર કે નજીકના વૃક્ષ પર લગાવી ગરમીમાં પક્ષી બચાવ અભિયાન સફળ બનાવવા માટે આપવામાં આવે છે. ગાંધીનગરના દરેક નાગિરકને પણ મુકિતધામ ખાતે આવી નિઃશુલ્ક પક્ષીઘર મેળવી ઉનાળામાં પક્ષીઓ પોતાનું રક્ષણ કરી શકે તે માટે આ ભગીરથ સેવા કાર્યમાં જોડાવા જુસિકાના ચંદુભાઈ કિશોર, બિનેશ વસાવડા, રણજીતસિંહ, દશરથભાઈ પટેલ અને જીલુભા ધાધલે અનુરોધ કર્યો છે.

### આઈ લવ માય ગાંધીનગર



**વાસુદેવભાઈ આર પટેલ**

**ગાંધીનગર ગમે**

રાજયભરમાં કે દેશભરમાં ન હોય તેવું સુંદરતમ શહેર હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

દેશભરમાંથી આવીને અહીં વસેલાં વિવિધભાષી, વિવિધ ધર્મી લોકોથી નગર ઓપે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જીઆઈડીસીઆઈ એન્જિનીયરિંગ એસ્ટેટ એસોસિએશન, સેકટર-૨૮, સંસ્કૃતિ સંસ્થા, જી ઈ કલબ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા કરવામાં આવતી વિવિધ સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, જાહેર સુવિધાઓ બાબતે ઘણાં કામો કરવાની આવશ્યકતા છે.

**નગર માટે હું કરી શકું**

સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે મારું સર્વ પ્રકારનું યોગદાન આપવા હું તત્પર છું.

# સેકટર-૭ની નવ નિર્મિત સરકારી શાળાનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૮

કોઈ પણ સમાજ, રાજય અને રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ એ પાયાની ભૂમિકા અદા કરે છે. સારા શિક્ષણ માટે સારા શિક્ષકો અને શિક્ષણ માટેનું ઉત્તમ વાતાવરણ ઉભું કરવા સારા વિધા સંકુલો તથા વર્ગખંડો ખૂબ જ જરૂરી છે, આ ઉમદા કાર્ય રાજય સરકાર કરી રહી છે, તેવું આજ રોજ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગર શહેરની સરદાર વલ્લભભાઈ પટેલ વિધામંદિરના નવનિર્મિત મકાનનું લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું.

શિક્ષણનું કાર્ય કરવાનું કામ સૌથી પવિત્ર છે. આ પવિત્ર કાર્ય કરવાની તક નસીબદારોને જ મળે છે, તેવું કહી શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, શિક્ષણના કાર્ય સાથે સંકળાયેલા તમામ લોકોને જણાવ્યું હતું કે, શિક્ષકો પાસેથી હવે, લોકો ગુણવત્તા યુક્ત શિક્ષણ માંગશે. ગુજરાત રાજયનું શિક્ષણ





સર્વ શ્રેષ્ઠ કરવાનું કામ આપણે સૌએ સાથે મળી કરવાનું છે. દરેક શિક્ષકે શિક્ષણનું કામ પુરી પ્રમાણિકતાથી કરવું જોઈએ તેવું ભારપૂર્વક કહી તેઓ શ્રીએ જણાવ્યું હતું કે, તો જ સરકારી શાળામાં લોકો પોતાના બાળકોનું એડમીશન લેવા પ્રેરાશે. આ વાતનું ગૌરવ લેવું જોઈએ. આ શાળાનું મકાન સમાજની અપેક્ષા કરતા વધુ સારું છે, તેવું કહી તેમણે શિક્ષકોને ભારપૂર્વક

ગાંધીનગરના હાર્દ સમા સેકટર-૭માં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિરનું મકાન રૂપિયા ૮ કરોડના ખર્ચે નવનિર્મિત કરવામાં આવ્યું છે. શાળાના નવનિર્મિત મકાનમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ, ફાયર ફાઈટીંગ સિસ્ટમ, પીવાના પાણી માટે આરો પ્લાન્ટ તેમજ વોટર કુલરની વ્યવસ્થા, છોકરા-છોકરી અને વિકલાંગો માટે અલગ-અલગ શૌચાલયની સુવિધા સાથે સાથે મકાન ભૂકંપ પ્રતિરોધક આર.સી.સી ફ્રેમ સ્ટ્રકચરનું બનાવવામાં આવ્યું છે.

આ પ્રસંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.એસ.બારડે કર્યું હતું. આ લોકાર્પણ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### @ગાંધીનગર

● સાહિત્ય સભા ગાંધીનગરની માસિક સભા સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે યોજાશે.

● શ્રી સ્થાનકવાસી જૈન સંઘ સે-૨૨ દ્વારા ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી સવારે ૮.૩૦ કલાકેથી યોજાશે.

● સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલનો સાંસ્કૃતિક કાર્યક્રમ સવારે ૮.૦૦ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે.

### વાતવાતમાં

● આ વખતે બીજો શનિવાર હોવા છતાં ગ્રામ પંચાયતોની ચુંટણીઓના પગલે જિલ્લા કચેરીઓ ચાલુ રહેવા પામી હતી. જિલ્લા કચેરીઓના કર્મચારીઓ વહેલી સવારથી મોડી સાંજ સુધી ચુંટણી કાર્યમાં વ્યસ્ત જોવા મળ્યા હતા.

● ગુજરાત યુનિ.માં સોમવારથી બીએના છઠ્ઠા સેમેસ્ટરની ફાઈનલ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે અને તે લેવા વિદ્યાર્થીઓને શનિવારે બોલાવવામાં આવ્યા હતા. આમ છેક છેલ્લી ઘડીએ વિદ્યાર્થીઓને રિસિપ્ટ માટે બોલાવાતા ગાંધીનગરના વિદ્યાર્થીઓને પરીક્ષાની અંતિમ તૈયારીઓમાં બ્રેક પાડી યુનિ.નો ધક્કો ખાવો પડયો હતો.

● સે-૭ પ્રાથમિક શાળાના મકાનના ઉદઘાટન પ્રસંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભાષણમાં તમે કરોની માંગણી સામે નારાજગી વ્યકત કરતા આપણે કરીએની શિખામણ આપી હતી.

## રામ સેવા ટ્રસ્ટ ગાંધીનગરે રામ જન્મોત્સવ ઉજવ્યો

ગાંધીનગર, તા.૮

રામનવમીના પવિત્ર તહેવારના દિવસે રામ સેવા ટ્રસ્ટ દ્વારા રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભકતજનોએ રામલલ્લાના પારણાને હર્ષોલ્લાસથી ઝુલાવ્યા હતા. સાંઈ મંદિરના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ શાહ તથા શ્રી અરૂણભાઈ બેલાણી જેવા દાતાઓએ હાજરી આપી કાર્યક્રમ દીપાવ્યો હતો. આયોજક શ્રી આર.સી. પરમાર, શ્રીમતી પ્રફુલ્લાબેન ભાવસારે કાર્યક્રમ સફળ બનાવવા મહેનત કરી હતી.

## ટેકવૉન્ડોમાં વર્લ્ડ રેકોર્ડ બદલ અભિનંદન

ગાંધીનગર, તા.૮

સરકારી વિનયન કોલેજ, સે-૧૫, ગાંધીગરમાં મુખ્ય વિષય અંગ્રેજી સાથે ટી.વાય. સેમ-૦૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થી લોકેશ્વરસિંહ એ વર્લ્ડ ટેકવીન્કો હેડકવાટર્સ, કોરીયા ખાતે થી માર્શલ આર્ટસની પ્રથમ (૨૦૦૯) અને દ્વિતિય (૨૦૧૬) ડિગ્રી મેળવેલ છે. તેમજ તેઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે સતત બે વર્ષ સુધી ૨૦૧૫-૧૬માં સુવર્ણચંદ્રક હાંસલ કરેલ છે. તેવોએ ૨૦૧૫માં ટેકવોન્ડોમાં હાઈ કીક માટે વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરેલ છે. તેમની આ જવલંત સિધ્ધી બદલ કોલેજ પરિવાર દ્વારા અભિનંદન સહ શુભેચ્છા પાઠવી છે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા હરિસિંહ ગોબરસિંહ, ઉ.વ. ૮૨
- સ્વ. જોશી હરિપ્રસાદ દલસુખરામ, ઉ.વ. ૭૬
- વરજુબેન ચાંદાજી ઠાકોર, ઉવ. ૬૫
- વાઘેલા મહિપતસિંહ છત્રસિંહ